ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર (ઉ)માં રીટાબેન પટેલ અને (દ)માં અલ્પેશ ઠાકોર ભાજપના ઉમેદવાર જાહેર

ગાંધીનગર, તા. ૧૪

મોડી રાત્રે ભારતીય જનતા પાર્ટીએ ચોથી યાદીમાં ૧૨ ઉમેદવારોની જાહેરાત કરી છે. જેમાં

ગાંધીનગર ઉત્તર બેઠક માટે રીટાબેન પટેલ (પૂર્વ મેયર-ગાંધીનગર) જયારે ગાંધીનગર દક્ષિણમાં અલ્પેશ ઠાકોરના નામની જાહેરાત કરતાં અટકળોનો અંત આવ્યો હતો. આ યાદીમાં જિલ્લાની કલોલ બેઠક ઉપર બકાજી ઠાકોરની જાહેરાત કરાઈ હતી. જયારે વટવામાં બાબુસિંહ જાદવ અને હિંમતનગરમાં બી.ડી.ઝાલાના નામો પણ જાહેર કર્યા હતા.

આ ઉપરાંત રાધનપુરમાં લવિંગજી ઠાકોર, પાટણમાં ડો.રાજુલબેન દેસાઈ, પેટલાદમાં કમલેશ પટેલ, મહેમદાવાદમાં અર્જુનસિંહ ચૌહાણ, ઝાલોદમાં મહેશ ભુરીયા, જેતપુરમાં જયંતિભાઈ રાઠવા અને સયાજીગંજમાં કેયુર રોકડીયાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાની ચારમાંથી ત્રણ બેઠકોની જાહેરાત થતાં ભાજપમાં અટકળોનો અંત આવ્યો હતો. ગાંધીનગર ઉત્તરમાં શહેરના પૂર્વ મેયર રીટાબેન પટેલની જાહેરાત થતાં જ મહાનગર ભાજપમાં આનંદ ઉલ્લાસની લાગણી પ્રસરી હતી. જયારે દક્ષિણમાં અલ્પેશ ઠાકોરનું નામ જાહેર થતાં મિશ્ર પ્રતિભાવ સાંપડ્યા હતા. ઉત્તર અને દક્ષિણ બન્ને

બેઠકોમાં જાહેરાત થતાં ગાંધીનગરના રાજકારણમાં ભારે ઉત્તેજના પ્રસરી હતી. હજુ કોંગ્રેસ ગાંધીનગર ઉત્તરમાં ઉમેદવારની જાહેરાત કરી શકયું નથી તેની ચર્ચાઓ મોડી રાત સુધી કોંગ્રેસી વર્તુળોમાં ચાલતી રહી હતી.

પાંચ બેઠક માટે ૮ ઉમેદવારીપત્રો

કલોલમાં કોંગ્રેસમાંથી બળદેવજી ઠાકોરે અને દહેગામમાંથી બલરાજસિંહ ચૌહાણ તથા આમ આદમી પાર્ટીના સુહાગ પંચાલે ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારોના નામના સસ્પેન્સ વચ્ચે જાહેર થયેલા ઉમેદવારોએ ફોર્મ ભરવાનું શરૂ કરતાં જ જિલ્લામાં ચૂંટણીજવર ધીમીગતિએ પકડાઈ રહેલ છે.

જે રીતે જિલ્લામાંથી ઉમેદવારીપત્રોનો ઉપાડ થઈ રહ્યો છે તે બહુકોણીય જંગ ખેલાશે તેવા સંકેતો મળી રહ્યા છે. પ્રાદેશિક પક્ષો ઉપરાંત અપક્ષો આ ચૂંટણીમાં ઝંપલાવશે જેથી જંગ રોચક બનશે તેમ વિશ્લેષકો માની રહ્યા છે.

આજે જિલ્લામાં દહેગામ બેઠક પર ૩ ઉમેદવારોએ તો કલોલ અને ગાંધીનગર (ઉ) પર બે-બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. દહેગામ બેઠક પર ભાજપના બલરાજસિંહ ચૌહાણ, આમ આદમી પાર્ટીના સુહાગ પંચાલ અને રાઈટ ટુ રિકોલ પક્ષના અશોકભાઈ રાઠોડે ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર બસપાના પ્રવિણભાઈ દંતાણી અને અપક્ષ ઉમેદવાર અમીતભારતી ગોસ્વામીએ ઉમેદવારી નોંધાવી છે.

કલોલ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના બળદેવજી ઠાકોર અને રશ્મિજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી છે.

અસંતોષની આગ - ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગીના પગલે અસંતોષની આગ વ્યાપક પ્રસરી છે... ત્રણ દિવસમાં બંને પક્ષોમાં ૪૮થી વધુ પ્રતિનિધિ મંડળોએ ઉગ્ર અને આક્રમક રજૂઆત કરતાં બંને પક્ષના મોવડીઓ ડેમેજ કંટ્રોલમાં વ્યસ્ત બન્યા છે... કોંગ્રેસના મુખ્ય કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે ખાડીયા, જમાલપુરના કાર્યકરોએ તોડફોડ કરી પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો... જયારે ભાજપના મુખ્યાલય કમલમ્ ખાતે બાયડ અને પાટણના કાર્યકરો હજારોની સંખ્યામાં ઉમટતા કાર્યાલયના બારણા બંધ કરવાની ફરજ પડી હતી. અગાઉની ચૂંટણીઓ કરતાં આ વખતે કાર્યકરોનો કોઈ અલગ જ પ્રકારનો મીજાજ જોવા મળ્યો છે... હજુ તો આરંભ છે... મધ્યાહ્ન અને પરાકાષ્ટા કેવી હશે તે કલ્પનાનો જ વિષય રહ્યો છે...

@-ઈલેક્શન

- અસંતુષ્ટોની આગમાં બંને પક્ષના કાર્યાલયો લપેટાયા : સોમવારનો આખો દિવસ કમલમ્ અને રાજીવ ગાંધી ભવન કાર્યકરોથી હકડેઠઠ રહ્યુ : બંને કાર્યાલયોના દરવાજા બંધ કરવા પડ્યા ત્યાં સુધી સ્થિતિ વણસી.
- ગુજરાતમાં પ્રથમ વખત ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે કાર્યકરોએ આક્રોશ વ્યક્ત કર્યો.
- અત્યાર સુધીમાં ૪૨ બેઠકો પર પ્રદેશ મોવડી મંડળ સમક્ષ નાની મોટી રજૂઆતો કરવા કાર્યકરો સતત ઉમટતા રહ્યા.
- કોંગ્રેસ કાર્યાલયમાં કાર્યકરોએ તોડફોડ પણ કરી અને પૂર્વ પ્રમુખની નેમ પ્લેટ કાઢી ધાંધલ-ધમાલ કર્યાના અહેવાલોથી પક્ષમાં હડકંપ મચ્યો હતો.
- વઢવાણમાં ભાજપના ઉમેદવાર બદલાતા જૈન સમાજ અને બ્રહ્મસમાજમાં ભારે આક્રોશ ફેલાયો હતો.
- અરજણમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય સતીષ પટેલ અપક્ષ ઉમેદવારી નોંધાવશે.
- આજે અર્બુદા સેનાનુ સ્નેહમિલન ચરાડામાં એક લાખની જનમેદની સાથે યોજાયુ.
- પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને તલાલા, માણાવદર અને વેરાવળમાં રોડ શો યોજ્યો.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અમદાવાદ આવી પહોંચ્યા હતા.
- કુતિયાણા બેઠક પર એનસીપીમાંથી રાજીનામુ આપનાર કાંધણ જાડેજાએ સમાજવાદી પાર્ટીમાંથી ઉમેદવારીપત્ર ભર્યુ.
- બીટીપીના સ્થાપક પ્રમુખ છોટુ વસાવાએ ઝઘડીયામાં અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યુ.
- પૂર્વ રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી કુમાર કાનાણીએ ઘોડે ચઢી ઉમેદવારી નોંધાવી હતી.
- આપના અગ્રણીઓ અલ્પેશ કથિરીયાએ વરાછા રોડ પર અને રાજુ સોલંકીએ ભાવનગરમાં ઉમેદવારીપત્રક ભર્યુ હતુ.
- ભાવનગર, રાજકોટ અને સુરતમાં ભાજપ અને આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આમને સામને સૂત્રોચ્ચાર કરતા વાતાવરણમાં તંગદીલી પ્રસરી હતી.
- આદિવાસી નેતા જગતસિંહ વસાવા કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયા.
- અંકલેશ્વર બેઠક પર ભાજપના પૂર્વમંત્રી ઈશ્વરસિંહ પટેલ સામે તેમના સગાભાઈ વિજયસિંહ પટેલે કોંગ્રેસમાંથી ઉમદેવારી નોંધાવી.
- અમરેલી બેઠક પર કોંગ્રેસના દિગ્ગજ નેતા પરેશ ધાનાણીએ વિશાળ સંખ્યામાં સમર્થકો સાથે ઉમેદવારીપત્રક ભર્યુ હતુ એ જ રીતે પોરબંદરથી અર્જુન મોઢવાડિયાએ ઉમેદવારીપત્રક ભર્યુ હતુ.
- કોંગ્રેસ પક્ષે ૩૨ સીનીયર નીરીક્ષકો અને પાંચ ઝોનલ નીરીક્ષકોની નિમણૂંક કરી.
- કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાની આજે આણંદમાં ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે.
- કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ૨૨મીએ અમરેલી અને વાંસદામાં જનસભા સંબોધશે.

કુડાસણમાં સી સી રોડ અને પાર્કીંગનું કામ હાથ ધરાશે

ગુડા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ ના કામ માટે પણ અગાઉ ખર્ચ ને મંજુરી આપવામાં આવી હતી

ગાંધીનગર, તા.૧૪

કુડાસણ વિસ્તારમાં વરસાદી દિવસોમાં માર્ગોનું ધોવાણ થયું હતું જેના લીધે પૈકીના કેટલાક ઠેકાણે આરસીસીના રોડ બનવાનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત પાર્કિંગની સુવિધા ઉભી કરાશે. પ્રાપ્ય માહિતી અનુસાર આ કામગીરી પાછળ રૂપિયા ૧.૮૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે . ગુડા વિસ્તારમાં એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટ ની કામગીરી હાથ ધરવા માટે અગાઉ બજેટ માં પણ પ.૫૦ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી હતી

વરસાદી દિવસોમાં શહેર વિસ્તારમાં સેક્ટરોમાં માર્ગો ઉબડ ખાબડ થયા છે સ્થાનિકો પરેશાન છે માર્ગો તૂટવાના લીધે નાગરિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો જયારે હાલમાં પણ માર્ગોની હાલત ખરાબ છે જયારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ રસ્તાઓની દશા સારી નથી વરસાદી દિવસોમાં . કુડાસણ વિસ્તારમાં ઘણી જગ્યાઓ પર રસ્તામાં પાણી ભરાઈ રહેવાની સમસ્યા પણ સામે આવી હતી. જેના અંતે આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે સિમેન્ટ કોંક્રીટના રસ્તા બનવાનો પણ નિર્ણય લેવાયો છે સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ કુડાસણ વિસ્તારમાં ફાઈનલ પ્લોટ નંબર ૧૬૩ અને ૧૯૧ નજીક રસ્તાનું આરસીસી કામ કરવામાં આવનાર છે. વાણિજ્ય વિસ્તારમાં પાર્કિંગ ટાઈલ્સના ફ્લોરિંગ પણ કરવામાં આવશે. યોગ્ય પાર્કિંગના અભાવમાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાથી તેનું નિરાકરણ માટે પણ કામ હાથ ધરાશે

કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ કુડાસનમાં માળખાકીય સુવિધાના કામોનું આયોજન ગુડા દ્વારા કરવામાં આવ્યું છે અલબત્ત આ વિસ્તાર માટે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા અગાઉ જે કામોના આયોજન કરાયા હતાં, તે મુજબ તબક્કાવાર કામગીરી હાથ ધરાશે ત્યારે સમગ્ર ગુડા વિસ્તારમાં વિવિધ માર્ગો પર જ્યાં સ્ટ્રીટ લાઈટની સુવિધા નથી, તેવા દરેક માર્ગ પર એલઈડી સ્ટ્રીટ લાઈટના પોલ લગાડવાની યોજનાને પણ મંજુરી આપી દેવામાં આવી છે. છેવાડાના વિસ્તારોમાં ખાસ કરીને રાત્ર દરમિયાન સ્ટ્રીટ લાઈટના અભાવમાં વાહન અકસ્માત સર્જાતા રહેતા હોવાથી લાઈટની વ્યવસ્થા કરવા માટે સ્થાનિકો દ્વારા પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે જેને અનુલક્ષી આગામી દિવસોમાં કામ પણ હાથ ધરાશે . એલઈડી સ્ટ્રીટ લાઈટની આ કામગીરી કરવા માટે અગાઉ રૂપિયા પ.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે

જિલ્લામાં ૬ હજાર ભીંતસૂત્રો અને ૬ હજાર પોસ્ટર્સ-બેનર દૂર કરાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ તંત્ર દ્વારા આજ સુધીમાં ૧૩,૫૭૬ જેટલા લખાણો, હોર્ડિંગ્સ, બેનર તેમજ અન્ય વસ્તુઓ દૂર કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રની ટીમો દ્વારા ૬૦૯૦ જેટલા સ્થાનો પર લખાયેલા સૂત્રો, ૩ હજાર જેટલા પોસ્ટર્સ, ૨૭૦૦ જેટલા બેનર્સ અને અન્ય વસ્તુઓને દૂર કરવામાં આવી છે.

જિલ્લામાં ૩જી તારીખેથી આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. જિલ્લામાં આચારસંહિતાના અમલ માટે ૪ તાલુકામાં ખાસ ટીમો બનાવી અને અમલીકરણ પર સીધી નજર રાખવામાં આવી રહી છે.

પંચે જે સીવીજીસ એપ બનાવી છે તેના પર ૧૧ જેટલી ફરિયાદો તેમજ ૨૪ બાય ૭ હેલ્પલાઈન જે ચાલુ કરાઈ છે તેના પર પાંચ ફરિયાદો મળતાં તંત્ર દ્વારા તાબડતોબ પગલાં લઈ અને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજ્યની ખર્ચ માટે સંવેદનશીલ બેઠકો પર પંચે ખાસ ઓબ્ઝર્વર મુક્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સહિત રાજ્યની તમામ વિધાનસભા બેઠકો માટે ચૂંટણીપંચે એક ખાસ ખર્ચ ઓબ્ઝર્વરની નિયુક્તી કરી છે જે બધા જ મતવિસ્તારોમાં નજર રાખશે.

પંચ દ્વારા પહેલીવાર ખર્ચ માટે ખાસ ઓબ્ઝર્વરની નિયુક્તી કરવામાં આવી છે. પંચે ચૂંટણી ખર્ચને લઈ આ વખતે વધુ કડક અને બાજ નજર રાખવા માટે આગ્રહી બન્યુ છે.

રાજ્યમાં ખાસ કરીને ખર્ચ માટે સંવેદનશીલ વિધાનસભા મતવિસ્તારોને ઓળખી કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત પંચે સંવેદનશીલ વિધાનસભા મતવિસ્તારના સંવેદનશીલ પોકેટ્સ શોધી અને તે અંગેનો રિપોર્ટ પણ માંગ્યો છે. દરમ્યાન મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં ખર્ચ માટે મુકાયેલ ખાસ ઓબ્ઝર્વર દ્વારા આજે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી બેઠક યોજી કેટલીક મહત્વની સૂચનાઓ આપશે તેમ જાણવા મળેલ છે.

ગુડાની રાયસણ સ્થિત આવાસ યોજનામાં છેલ્લા ચાર વર્ષથી લીફટ બંધ

સ્થાનિક રહીશોએ ગુડાના તંત્રને રજુઆત કરી : જાળવણી ખર્ચની રકમમાંથી લીફટ ચાલુ કરાવો

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની રાયસણ સ્થિત ગુડાની આવાસ યોજનાની કામગીરીમાં ગુણવત્તા જળવાઈ ન હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામી છે. જયારે રાયસણની આ આવાસ યોજનામાં રહેતા લાભાર્થીઓને માળખાગત સુવિધાઓ પણ મળતી નથી છેલ્લા ચાર વર્ષથી રાયસણની શુભ લાભ આવાસ યોજનામાં લીફટ પણ બંધ છે જેના લીધે સ્થાનિક રહીશોએ રોજબરોજ હેરાનગતિ વેઠવી પડે છે. આ મામલે સ્થાનિકોએ ગુડાના તંત્ર સમક્ષ પણ લીફટ ચાલુ કરવા માટે રજુઆત કરી છે. ગુડા હસ્તક જાળવણીની રકમમાંથી લીફટ ચાલુ કરવાનુ કામ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જો કે લાંબા સમયથી આ ફરિયાદનુ નિરાકરણ ન આવતા સ્થાનિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે.

ગુડા દ્વારા ગાંધીનગર આસપાસના વિસ્તારમાં એક દાયકા પુર્વે નિર્માણ કરાયેલા એલ આઈ જી આવાસોના મામલે સમયાંતરે ફરિયાદો ઉઠતી રહે છે. દિલ્હીના કોન્ટ્રાકટર દ્વારા આ આવાસની કામગીરીમાં ગુણવત્તા જળવાઈ નથી જયારે આ સ્થિતિ વચ્ચે ગુડાના તંત્ર માટે પણ શિરદર્દ ઉભો થયો છે. જો કે ગુડા દ્વારા પણ જે તે સમયે આવાસોના બાંધકામની ગુણવત્તાને અનુલક્ષી આંખ આડા કાન કરવામાં આવ્યો હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રબળ છે. રાયસણ ,ચિલોડા અને અડાલજ ખાતે ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં અંદાજિત ૧૨૦૦ જેટલા એલ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે આવાસોની ફાળવણીના અંતે ટુંકા સમયગાળામાં જ મકાનોમાંથી ભેજ ઉતરવા સહીતની ફરિયાદો વધી જતા હાલની સ્થિતિએ લોબીમાં ટાઈલ્સ પણ ઉખડી ગઈ છે. જયારે સફાઈ વ્યવસ્થાના અભાવે ગંદકીના ઢગ ખડકાયા છે. આ ઉપરાંત ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી પણ યોગ્ય થઈ નથી આ સ્થિતિ વચ્ચે લીફટ પણ બંધ હાલતમાં છે. છેલ્લા ચાર વર્ષથી લીફટ બંધ હોવાના લીધે ખાસ કરીને ત્રીજા મજલાના લાભાર્થીઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. સિનિયર સીટીઝન્સ તેમજ બિમાર વ્યકિત હોય તેમણે વિશેષ પરેશાની વેઠવી પડે તેવી દયાજનક સ્થિતિ સર્જાઈ છે. આ મામલે સોસાયટીના રહીશોએ અગાઉ અવારનવાર ગુડાના તંત્ર સમક્ષ રજુઆત કરી લીફટ ચાલુ કરાવવા માટે પણ માંગણી કરી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ કોઈ પગલા લેવાયા નથી. જયારે થોડા સમય અગાઉ સ્થાનિક રહીશોએ પણ ગુડાના તંત્ર સમક્ષ લીફટ ચાલુ થાય તે માટે રજુઆત કરી હતી જેમાં ગુડાની આ આવાસ યોજના અન્વયે જાળવણી ખર્ચની રકમ જમા હોય તેમાંથી પણ બંધ લીફટ ચાલુ કરાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાંવાયુ છે. એકબાજુ આવાસોની કામગીરીમાં ગુણવત્તા જળવાઈ નથી ત્યારે ગુડાએ પણ હાથ ઉંચા કરી લેતા આવાસમાં રહેતા ગરીબ લાભાર્થીઓની હાલત વધુ દયાજનક બની છે. ગુડાની આ આવાસ યોજનાને અનુલક્ષી વર્ષ દરમિયાન પાણીનો પ્રશ્ન પણ વારંવાર ઉઠવા પામે છે. ત્યારે ગુડાની આ પ્રથમ અને એક સમયે નમુનારૂપ કહેવાતી આ આવાસ યોજના પ્રથમ ગુણવત્તા વગરની કામગીરી અને બીજીરીતે જાળવણીના અભાવે સેકટરોમાં સ્થિત કંગાળ સરકારી આવાસ જેવી થઈ ગઈ છે.

જિલ્લામાં ૬૭૫ મતદાનમથકો ઉપર વેબકાસ્ટીંગની મદદથી નજર રાખશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ૬૭૫ મતદાન મથકોનું મતદાનના દિવસે વેબકાસ્ટીંગ કરી અને તંત્ર તેમજ ચૂંટણીપંચ સીધી નજર રાખશે.

૬૭૫ બુથોના વેબકાસ્ટીંગ માટે જિલ્લાકક્ષાએ અલાયદો કંટ્રોલરૂમ ઉભો કરવામાં આવશે. આ ઉપરાંત દરેક ચૂંટણી અધિકારી પણ તેમની કક્ષાએ આ વેબકાસ્ટીંગ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. અગાઉ માત્ર સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો પર જ વેબકાસ્ટીંગ કરવામાં આવતુ હતુ. પંચે આ વખતે દરેક જિલ્લામાં ૫૦ ટકા મતદાન મથકોનું વેબકાસ્ટીંગ કરી નજર રાખવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં ૧૩૫૦ મતદાન મથકો આવેલા છે. દહેગામમાં ૨૫૫, ગાંધીનગર (દ)માં ૩૫૫, ગાંધીનગર (ઉ)માં ૨૪૨, માણસામાં ૨૬૫ અને કલોલમાં ૨૩૭ મતદાન મથકો છે. ચૂંટણીપંચે આપેલ સૂચના મુજબ તંત્ર દ્વારા આ અંગેના બુથોની યાદી તૈયાર કરી લીધી છે. આ યાદીમાં હાલ ઓળખી કાઢવામાં આવેલ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોનો પણ આ સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાકક્ષાનો કંટ્રોલ બનાવવાની કવાયત હાથ ધરી દેવામાં આવી છે તેમજ આ અંગે અધિકારીઓ સાથે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.એ એક બેઠક પણ કરી લીધી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લા પોલીસવડાને સાથે રાખી આ અંગે વિવિધ મતદાન મથકોની પણ મુલાકાત લઈ લીધી છે. જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓમાં હાલ તંત્ર ગળાડુબ બની ગયુ છે. તો ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં પણ ડિસ્પેચીંગ માટેની કીટ તૈયાર કરવા ઉપરાંત તાલિમને લઈ વ્યસ્ત બની ગયા છે.

શહેરમાં ઠંડીનુ જોર વધ્યુ : પારો ૧૫ ડિગ્રીથી નીચે

દિવસે હજુ ગરમીનો અહેસાસ : ઠંડીની અસરથી રાત્રિના સમયે જનજીવન પ્રભાવિત

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ઠંડીનુ જોર વધ્યુ છે. દિવસનુ તાપમાન ૩૨ થી ૩૪ ડીગ્રીની આસપાસ રહે છે. પરંતુ રાત્રિનુ તાપમાન ૧૫ ડીગ્રીથી નીચે ઉતરી જતા વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો ચમકારો વધુ આકરો અનુભવાય છે. દિવસે ગરમી અને અને રાત્રિના ઠંડીના લીધે નગરજનો બેવડી ઋતુની અસરથી પ્રભાવિત છે. જયારે ઠંડી ગરમીના લીધે નગરમાં વાઈરલ ફીવરના દર્દીઓ પણ વધ્યા છે. ગાંધીનગર ધીરે ધીરે ઠંડીની ગિરફતમાં આવી રહ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં હજુ ઠંડીનુ જોર વધશે છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો ૧૪ ડીગ્રી નજીક છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૧૪.૯ ડીગ્રી રહ્યુ હતુ.

ગાંધીનગરમાં ઠંડીનો પારો ધીમે ધીમે ઉંચકાઈ રહ્યો છે. શહેરમાં ઠંડીની મોસમ હવે જમાવટ કરશે અત્યાર સુધી લઘુત્તમ તાપમાન ૧૬ થી ૧૮ ડીગ્રી વચ્ચે રહેતુ હતુ પરંતુ છેલ્લા બે દિવસથી ન્યુન્નતમ તાપમાન ૧૫ ડીગ્રીની નીચે જતુ રહ્યુ છે. જેના લીધે સાંજ ઢળતા જ વાતાવરણમાં ગુલાબી ઠંડક છવાઈ જાય છે. જો કે હજુ મહત્તમ તાપમાન ૩૨ થી ૩૪ ડીગ્રી વચ્ચે રહેતા દિવસે નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. જો કે છેલ્લા બે ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ નોંધાઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો પણ ઉગ્ર રહેતા શિયાળાની શરૂઆતના દિવસોમાં પણ નગરજનો ઉનાળા જેવી આકરી ગરમી અનુભવતા હતા. જો કે છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં ગરમીનુ જોર ઘટી રહ્યુ છે. આમછતા ઠંડીના વધતા જોર વચ્ચે દિવસે મહત્તમ તાપમાન હજુ ૩૨ ડીગ્રીની પાર રહેતા દિવસનો આકરો તાપ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરાવી રહ્યો છે. જયારે સવારે અને રાત્રિના સમયે ઠંડી અનુભવતા નગરજના બેવડી સિઝનની અસરથી પ્રભાવિત છે. જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. બેવડી ઋતુની અસરથી શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com